## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

**પારિજાત ભરેલી રાત છું તો સવારે નિશ્ચિત છે ખરવાનું**
**સમષ્ટિમાં નહીં પહોંચી વળાય..**
**આપણે, થાય એટલું કરવાનું !**

**- અજ્ઞાત**

### પાથેય

- રમેશ ઠક્કર

## પારિજાતને પગલે...

પારિજાતનાં પુષ્પોની વાત જ જુદી છે.વહેલી સવારે એની ચાદર જે રીતે પથરાય છે જાણે કોઈ કોમળ હાથથી સરસ રંગોળી પુરી ગયું હોય ! સફેદ ફૂલોની વચ્ચે કેસરી દાંડીની સજાવટ અને મનભાવન ડિઝાઈન આકાશ પણ ઘડીભર મુગ્ધ બની જતું હોય છે એની આ ફાંકડી અદા ઉપર..લોકો પારિજાતને કેવાં કેવાં લાડ લડાવે છે ! રાણી રૂકમણિ ભગવાન શ્રીકૃષ્ણના સ્વાગત માટે જે સજાવટ કરેવછે એમાં પારિજાતની પસંદગી કાબિલેદાદ છે !

ભગવાન માટે વિરહ પામતા ભક્તો હોય છે એને આવકારવા માટે તરસતા મિત્રો છે..એની એક ઝલક પામવા માટે ગોવાળિયા બનીને કે ગોપી બનીને ઝૂરતી અનેક વ્યકિતઓ છે..એ ઈશ્વર સ્વયં જ્યારે પોતાના ઘેર જાય છે ત્યારે એના સ્વાગત માટે જે ફૂલો પસંદ પામે છે એ પારિજાત છે..એટલે જ એની અનોખી વાત છે.કૃષ્ણનું ગૃહઆગમન જેના થકી રોમાંચિત બની જાય એ પુષ્પો કોઈ સાધારણ સુગંધ ફેલાવતાં પુષ્પો નથી એ કોઈ સ્વર્ગીય છડીદારો છે.

આપણી સંસ્કૃતિના સનાતન ઉદગાતા એટલે ભગવાન કૃષ્ણ..એવો કોઈ માણસ ભારતમાં મોટો મુશ્કેલ હશે કે જે ગોકુળ મથુરા વૃંદાવનના આવર્તનથી અલિપ્ત હોય. કૃષ્ણ આપણા કણકણમાં છે... પ્રત્યેક વલોણાના માખણમાં છે..એનું મોહક સ્મિત સદીઓથી એકધારૂં સૌને આકર્ષિત કરતું રહ્યું છે..ઝાકળભીનાં પારિજાત જ્યારે વહેલી સવારે પૂરબહારમાં એનું સમૂહ સાયુજય ધારણ કરે છે ત્યારે એ જાણે સ્વયં શ્યામની કોઈ છટા ધારણ કરે છે.

પારિજાતનાં પુષ્પો આપોઆપ એની મોહજાળમાં આપણને લઈ જાય છે.એ રૂકમણિના હાથની કમાલ છે..પ્રસન્ન આનંદમય દામ્પત્યજીવનની અભિવ્યકિતનો અનોખો આયામ છે.કૃષ્ણનાં કેટકેટલાં નામો છે ? શ્યામ ઘનશ્યામ મોહન નંદલાલ ગોપાળ મુકુંદ માધવ કરસન હરિ નટવરનાગર..યાદી અસ્ખલિત છે..પારિજાતનું પુષ્પ આ તમામ નામો માટે મુકામ પોસ્ટ બની જાય છે..પારિજાતના મોહપાશમાં કૃષ્ણ આવે ત્યારે બગીચામાં નવી યુવાની આવતી હોય છે.

પારિજાતનો પમરાટ એ વિહવળ નાયિકાના વિરહની અભિવ્યકિત જેવો છે.આંગણે તુલસીનો છોડ એ આધ્યાત્મિક ઓળખ બનીને છવાઈ જાય છે.ભગવાનને તુલસી એટલે કે વૃંદા ગમે છે.એટલે એ વૃંદાવનનો વનમાળી કહેવાય છે.ઈશ્વરને આરાધના ગમે છે..પણ કૃષ્ણ એ અલગ પ્રકારના ઈશ્વર છે.એના શ્વાસમાં પારિજાતનાં પુષ્પોની સુગંધ વહેતી રહે છે.એ જયારે રૂકમણિ જેવી ભાર્યાના હાથો વડે સજાવટ પામે છે ત્યારે કૃષ્ણની વાંસળી એક નિખાલસ સૂર થકી રેલાઈ જતી હોય છે.

# સ્વર કિન્નરીની ચિરવિદાય

### તંત્રીસ્થાનેથી...

ભારતરત્ન સ્વરકોકિલા લતા મંગેશકરની ચિરવિદાયથી જે ખાલીપો સરજાયો છે તે કયારેય પુરાવાનો નથી. ઉંમર હતી અને કોરોનાનો ચેપ લાગ્યો. સંગીતની દુનિયામાં દાયકાઓ સુધી એકચક્રી શાસન કરનારાં લતા દીદીના નામે ફિલ્મી ગીતો ગાવાનો વિશ્વવિક્રમ તો હતો જ, પરંતુ સૌથી વિશેષ તો એમનું સુપર રાષ્ટ્રીય વ્યક્તિત્વ હતું. પ્રદીપજી લિખિત 'ઓ મેરે વતન કે લોગો' ગીત ગાઈને એમણે સરહદ પર ૧૯૬૨ના યુદ્ધમાં શહીદ થયેલો સૈનિકોને જે આર્દ્રતાભરી અંજલી પાઠવી હતી એ સાંભળીને તત્કાલીન વડાપ્રધાન પં. જવાહરલાલ નહેરુની આંખો પણ ભીની થઈ હતી. લગા મંગેશકરને સંગીત પિતા દીનાનાથ તરફથી વારસામાં મળ્યું હતું. આઠ વર્ષની નાની ઉંમરથી એમને પરિવારને મદદરુપ થવા માટે ગાવાનું શરૂ કર્યું અને છેક ૨૦૧૫ સુધી નિરંતર ફિલ્મી જગતમાં છવાયેલા રહ્યાં. એંશી વર્ષ જેટલા લાંબા સમય ફલક પર એમણે ત્રીસ હજારથી વધારે ગીતો ગાયાં જે અનેક અભિનેત્રીઓને નામાંકિત અને સ્થાપિત કરવામાં સહાયક બન્યાં અને અનેક ફિલ્મો એના જ કારણે બોક્સ ઓફિસ પર ટંકશાળ પાડી શકી. પિતા પંડિત દીનાનાથ મરાઠી થિયેટરની સેલિબ્રિટી હતા પરંતુ એમની બેઉ લાડલી દીકરીઓ લતા અને આશા ઈંટરનેશનલ સિને જગતની સેલિબ્રિટીઝ બની રહી. લતાજી એમનાં બહેન ઉષા અને ભાઈ હૃદયનાથના પરિવાર સાથે મુંબઈને પેડર રોડ સ્થિત પ્રભાકુંજ બિલ્ડિંગમાં રહેતાં હતા. મુંબઈમાં લતાજીના રહેઠાણનાં દર્શન કરીને પણ શ્રોતાગણ ધન્યતા અનુભવતો. અમિતાભ બચ્ચન કરતાં પણ લતા મંગેશકર પ્રત્યે ભારતીય જનસમુદાય વિશેષ આદરસન્માનની લાગણી ધરાવતા રહ્યો છે. અંગત જીવનમાં સાદગીથી રહેવા ટેવાયેલા લતા મંગેલશકર ભારતીય સંસ્કાર જગતનાં રોલ મોડલ મહિતા હતા. એમણે સ્વપુરુષાર્થથી પોતાને મળેલ સ્વર અને સૂર સંપદા ઉદાર હાથે લૂંટાવીને બોલીવુડને જ નહીં - બલકે હિંદી સહિત ઘણી બધી પ્રાદેશિક ભાષાઓના પ્રેક્ષકોને ન્યાલ કરી દીધા છે. ગત વર્ષે હિંદી ફિલ્મ જગતના શહેનશાહ દિલીપકુમારની વિદાય વખતે લતાજીએ એમને આપેલી અંજલી એક બહેન દ્વારા ભાઈ પ્રત્યેની અણમોલ ભેટ સમી હતી. કોરોના ઈન્ફેકશન થયા પછી લતાજીને દેશની સૌથી ઉત્તમ હોસ્પિટલો પૈકીની એક બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરાયાં હતા અને તબીબોએ એમને બચાવી લેવા માટે થઈ શકે તે તમામ પ્રયાસો કર્યા હતા. પરંતુ વધતી વય સાથે નબળાં પડેલાં અંગો લાંબી ઝીંક ઝીલી શક્યાં નહીં અને આખરે એ હવે સ્વર્ગની સંગીતસભામાં એમને સૂર રેલાવવા પહોંચી ગયા છે. દેશનું સર્વોચ્ચ સન્માન 'ભારત રત્ન' રાષ્ટ્રીય નેતાઓ સિવાય બહુ ઓછા મહાનુભાવોને એનાયત થયું છે. સુબ્બાલક્ષ્મી અને લતા મંગેશકર એ પૈકીની બે મહિલા હસ્તીઓ છે. એમને ૧૯૮૯માં ફિલ્મ ક્ષેત્રે અપાતું સર્વોચ્ચ સમ્માન- દાદાસાહેબ ફાળકે એવોર્ડ પણ મળી ગયો હતો. લતાજીને રાજયસભાનાં નિયુક્ત સદસ્યનું બહુમાન પણ મળ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી હજી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે જ લતાજીએ એમનું વિત્ત-સંવિત્ત પારખી એમને દેશના સુકાની બની રહેવાના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. અનેક ભાષાઓમાં સમાન અધિકારથી ગાવાની વિશિષ્ટ ક્ષમતા કેળવનારાં લતા મંગેશકર સંગીતની દુનિયાનો એક જીવતો જાગતો ચમત્કાર હતાં. એમના માનમાં રાષ્ટ્રીય શોક જાહેર કરીને કૃતજ્ઞ રાષ્ટ્રે એક સુયોગ્ય ભારતીય વિશ્વ સ્તરીય મહિલાને ઉચિત સમ્માન આપ્યું છે. પોતે એક સામાન્ય મહિલા તરીકે જ સાદગીપૂર્વક જીવનયાપન કરીને તેઓએ ભારતીય મહિલાઓ સમક્ષ એક દશાંગુલ ઉફરો આદર્શ રજૂ કર્યો છે. દિવંગત સ્વર કિન્નરીની ભૌતિક ગેરહાજરીમાં પણ એમનો સૂર સૈકાઓ સુધી ગૂંજતો રહેશે જે ભારતીય સંસ્કૃતિનું એક મોરપીંછ બની સમસ્ત વિશ્વમાં આગવી ઓળખ પ્રસ્થાપિત કરી ચૂકેલ છે. લતાજી યુગો સુધી આપણને પ્રેરણા આપતાં રહેવાનાં છે. એ દિવંગત દિવ્ય આત્માની ચિરશાંતિ પ્રાર્થીએ.

## પેકેજ કોમોડિટી રૂલ્સ મુજબ પેકિંગ માલનું રજીસ્ટ્રેશન ફરજીયાત (પેકેજ્ડ કોમોડિટી રૂલ્સ, ૨૦૧૧ મુજબ)




કેન્દ્ર સરકાર પેકેજ કોમોડિટી રૂલ્સ, ૨૦૧૧ મુજબ તથા તેમાં વખતોવખત થતાં સુધારા મુજબ દરેક માલ ઉત્પાદક જે ખાદ્ય, ખોરાકને લગતો હોય તેમણે પેકેટ કે ટ્રેડર જે ચીજવસ્તુ પોતે પેક કરીને ડિસ્પ્લેમાં મૂકતા હોય તેમણે તેમની આવી વેચાણ અર્થે મૂકેલા પ્રોડક્ટનું રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. જેમાં ફરસાણ, ડ્રાયફ્રૂટ સહિતની ચીજવસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આવી વસ્તુઓનું રજીસ્ટ્રેશન વેપારીઓ દ્વારા નહી કરવામાં આવે તો સરકાર દંડાત્મક તથા શિક્ષાત્મક કાર્યવાહી ફૂડ એન્ડ ડ્રગ્સ ડિપાર્ટમેન્ટ દ્વારા મોટા પ્રમાણમાં કાર્યવાહી કરી હાથ ધરવામાં આવશે. "પેકેજ્ડ કોમોડિટી રૂલ્સ, ૨૦૧૧" મુજબ આવા પ્રકારનાં તમામ ઉત્પાદકો ને વિક્રેતાઓએ રજીસ્ટ્રેશન કરવાનું ફરજીયાત છે. "જે લીગલ મેટ્રોલોજી એક્ટ, ૨૦૦૯ તથા ૨૦૧૦" મુજબ ડીલરની વ્યાખ્યામાં સમાવીષ્ટ તમામ પ્રકારનાં વેચાણ પદાર્થોને આવરી લેવામાં આવ્યા છે, જે વિક્રેતા દ્વારા પોતાના પેકીંગમાં ગ્રાહકોને વેચાણ કરવામાં આવતા હોય તેના ઉપર પેકીંગ તારીખ, એક્સપાઈરી ડેટ તથા કિંમત, વજન લખવું ફરજીયાત છે. પેકીંગની તારીખનો ઉલ્લેખ કરવો ફરજીયાત છે. પોતાની ફર્મનું નામ પણ દર્શાવવું ફરજીયાત છે તથા તેના ઉપર વિક્રેતાનું એડ્રેસ તથા ફોન નંબર લખવા ફરજીયાત છે. જેથી ઉત્પાદકોમાં ખામી હોય તો ગ્રાહક ઉત્પાદકોનાં સરનામે ફરિયાદ કરી કાનૂની કાર્યવાહી કરી નુકશાન વળતર મેળવી શકે જે પેકિંગ કર્યુ હોય તેમાં કેટલો જથ્થો છે તેનું વજન લખવું પણ ફરજીયાત છે. "ક્વોન્ટીટી, ક્વોલીટી એન્ડ પ્રાઈસ ઈઝ મસ્ટ ઈન પેકિંગ ગુડ્સ" આ સૂત્રને દરેક વેપારીએ આત્મસાત કરવું પડશે અને તેના માલનું રજીસ્ટ્રેશન કર્યા બાદ જ ડિસ્પ્લે કે વેચાણ અર્થે મૂકી શકશે, નહી તો શિક્ષાપાત્ર દંડાત્મક ગુનો ગણાશે. જેનું પાલન કરવા માટે કાનૂની માપ, વિજ્ઞાન તંત્ર દ્વારા રાજ્યનાં તમામ ઉત્પાદકો, ડ્રાયફ્રૂટ, ફરસાણનાં વેપારીઓ સહિત ચીજવસ્તુઓ પેક કરતાં એકમોને રજીસ્ટ્રેશન કરાવી લેવા રાજ્ય સરકાર દ્વારા જણાવવામાં આવ્યું છે. આવું રજીસ્ટ્રેશન કોઈપણ વેપારી કે વિક્રેતાએ એક જ વખત મેળવવાનું રહે છે.

ગ્રાહક સુરક્ષા કાયદા અન્વયે પણ ગ્રાહકોને માલ ઉત્પાદન અને સેવાની જાણકારી મેળવીને માલ ખરીદવાની પસંદગી કરવાનો ગ્રાહકોનો અધિકાર છે. જેના ઉપર વિક્રેતા દ્વારા તરાપ મારી શકાય નહી કે બોગસ કે અખાદ્ય ખોરાક વેચી હાથ અધ્ધર કરી શકે નહી. માલ વેચાણ બાદ કાંઈપણ નુકશાન થાય જે શારિરીક હોય કે માનસિક, તેની જવાબદારી ઉત્પાદકની છે. ટેકનીકલ કારણોસર છટકી શકે નહી. નબળી ગુણવત્તાવાળા માલ ના કારણે ગ્રાહકોની તંદુરસ્તી સાથે ચેડા કરી શકાય નહિ. અન્યાયી વેપારી નિતી હોય તો ગ્રાહકોને નિવારણનો પણ અધિકાર છે.

વેપારીઓ તથા ઉત્પાદકોએ લીગલ મેટ્રોલોજી ફોર ઈમ્પોર્ટ, આઈ.એમ.પી. મુજબ રૂલ-૨૭ મુજબ આવા માલનું રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે તથા "એકસપોઝ ફોર સેલ" એટલે કે ડિસ્પ્લેમાં દર્શાવવા મુકવામાં આવતા જાહેરાત કરાતા માલનું પણ રૂલ-૬ મુજબ પેન્સ એક્ટ મુજબ રજીસ્ટ્રેશન ફરજીયાત છે. તેમાં પ્રોડક્ટનું નામ, ઉત્પાદકનું નામ, ઉત્પાદકની તારીખ, એકસપાઈરી તારીખ, નેટ વજન, કિંમત તથા દુકાન/ઉત્પાદકનું સરનામું ટેલીફોન નંબર લખવા ફરજીયાત છે. તેમજ કસ્ટમર કેર નંબર પણ હવેથી ફરજીયાત આપવા પડશે. વસ્તુની ઓળખ તેમાં વપરાયેલ પદાર્થોના નામ પણ દર્શાવવા ફરજીયાત છે. કેટલાક લેભાગુ વેપારોઓ દ્વારા ચીજવસ્તુઓ ઉપર છાપેલી ચીજવસ્તુઓ કરતા વસ્તુ કિંમત ગ્રાહકો પાસેથી પડાવી નફો કરવામાં આવતો હોય છે તથા એકસપાઈરી ડેટમાં પણ છેકછાક કરવામાં આવે છે. વજનકાંટાનું પણ સમયમર્યાદામાં વેરીફીકેશન તોલમાપ સંસ્થામાં કરાવવું ફરજીયાત છે. તોલમાપ વિભાગ દ્વારા આવા સ્થળો ઉપર વારંવાર દરોડા પાડી અખાદ્ય ખોરાક તથા ખોટા વજનકાંટા સીલ કરી વેપારીને દંડ કરવામાં આવે છે.

હવેથી ગ્રાહકને લીગલ મેટ્રોલોજી પેકેજીંગ એકટના રૂલ્સ-૨૭ મુજબ પેકેજ માલનું રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત બનાવી ઉત્પાદકોને આવો માલ ત્યારબાદ જ વેચાણ અથવા ડિસ્પ્લેમાં મૂકી શકાશે. ગ્રાહક સુરક્ષા ધારાની સાથે હવેથી નવો પેકેજ્ડ ગૂડ્સ એક્ટ તથા લીગલ મેટ્રોલોજી પેકેજ્ડ એક્ટ, ૨૦૧૧ની જોગવાઈનું પાલન કરવું દરેક વેપારી તથા ઉત્પાદક તેમજ વિક્રેતાઓ માટે ફરજીયાત બનાવાતા ગ્રાહકોને મોટો ફાયદો થશે તથા એક જ વખત માલ વેચી નાણાં કમાતા લેભાગુ વેપારીઓ ચોક્કસ દંડાશે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

### દિન મહિમા

- વેલેન્ટાઈન વિકનો પ્રારંભ
- ૧૯૦૮માં આજ દિવસે ક્રાંતિકારી સ્વાતંત્ર્ય સેનાની અને લેખક મન્મથનાથ ગુપ્તાનો જન્મ થયો હતો. ઠાકોરી ટ્રેન લૂંટ માટે જેલવાસ ભોગવનાર આ ક્રાંતિકારી લડવૈયાએ ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના ઈતિહાસને એ દષ્ટિકોણથી આલેખ્યો છે.

### આજનું ઔષધ

- અતિશય એસીડીટી રહેતી હોય તો સવાર-સાંજ ધાણા-જીરુનું ચૂર્ણ સમભાગે સાકર સાથે લેવાથી મટે છે.

### ખડખડાટ

- ફિલ્મનો ડાયરેક્ટર : હવે પછીનો સીન તારી માટે બહુ કઠિન છે. ટાઈગર શ્રોફ : અરે મારા ભાઈ કંઈ કઠિન નથી. હું ડાન્સ કરી શકુ છું, હવામાં ઉલ્ટી છલાંગ મારી શકું છું. દિવાલ પર ચઢી શકું છું.... કંઈ પણ... ડાયરેક્ટર : તારે સીધા ઊભા રહેવાનું છે.

### આજનો વોટ્સએપ

- હું શ્રેષ્ઠ છું તે આત્મવિશ્વાસ છે પણ હું જ શ્રેષ્ઠ છું તે અહંકાર છે અહંકારમાં એક એવી ખુબી છે કે તમને ક્યારેય વિશ્વાસ નહીં દે કે તમે ખોટા છે.

# આપણી આસપાસ રહેતા સંવેદનશીલ પુરુષોની ભાવનાઓને સમજીએ અને તેમની મનોદશાને જાણવાનો પ્રયાસ કરીએ




પત્ની જયારે પોતાની માં બનવાની ખુશખબર આપે,
અને તે ખબર સાંભળીને આંખમાંથી ખુશીના આંસુ ટપ-ટપ પડે ત્યારે...
માણસ.... પુરુષમાંથી બાપ બને છે.
નર્સ જયારે કાપડમાં વીંટળાયેલો અમુક પાઉન્ડનો જીવ હાથમાં આપી
જવાબદારીનું પ્રચંડ ભાન કરાવે ત્યારે...
માણસ.... પુરુષમાંથી બાપ બને છે.
પોતે ભલે ઓછું-વધું ભણ્યો હશે પણ,
ઑફિસેથી આવીને છોકરાને હોમવર્ક બરાબર કરજે"
કડકાઈથી કહે ત્યારે...
માણસ... પુરુષમાંથી બાપ બને છે.
પોતાના પ્રમોશન કરતા પણ તે શાળાની
સાદી યુનિટ ટેન્ટના રિઝલ્ટની વધારે કાળજી કરવા લાગે ત્યારે...
માણસ... પુરુષમાંથી બાપ બને છે.
સતત ગાડીમાં ફરનારો જયારે
છોકરાના સાયકલની સીટ
પકડીને પાછળ ભાગે ત્યારે.
માણસ... પુરુષમાંથી બાપ બને છે.

સ્ત્રી વિષે અને માતૃત્વ વિષે તો પુસ્તકો ભરી-ભરીને લખાયું છે. પણ તે જ સમયે પુરુષના મનની માનસિકતા અને તેની જવાબદારીનો અહેસાસ પુરુષની આંખોમાં ડોકાય છે. પુરુષ સમોવડી બનવાની હોડમાં અને સ્ત્રી-પુરુષ બંનેમાં એકસમાન મહાત્વાકાંક્ષાઓના ધોડાપૂર ઉમટવાને કારણે ઘણીવાર પુરુષ પોતાને હારેલો, થાકેલો કે એકલો અનુભવવા લાગે છે. સ્ત્રી સમર્થ બને કે સ્ત્રી સક્ષમ બને અને પુરુષના કામમાં સાથ સહકાર આપે તે પુરુષ માટે આનંદની વાત હોય છે પણ સ્ત્રી જયારે તેની પ્રતિસ્પર્ધી બને ત્યારે પુરુષ માટે તે પરિસ્થિતિ અસહ્ય બનતો જણાય છે.

મોટાભાગે સ્ત્રીઓ પોતાની લાગણીઓ, હાવભાવ, ખુશી તેમજ પીડા આ તમામની અભિવ્યક્તિ સુપેરે કરી શકે છે. પરંતુ, પુરુષમાં તેની કમી જણાય છે. પણ એનો અર્થ એ નથી કે તેનામાં સંવેદનાઓ નથી, નાનો હોય ત્યારથી જ "છોકરીઓની જેમ કેમ રડે છે?" કે "છોકરીની જેમ શું રિસાય છે?' એવા મહેણા સાંભળવાને લીધે મોટો થતાં થતાં તે પોતાના આ પ્રકારની ભાવનાઓને અભિવ્યક્તિ કરવાનું જ ભૂલી જતો હોય છે. બાપ બન્યા બાદ જવાબદારીઓના બોજ તળે અને ભાવનાઓની અભિવ્યક્તિના અભાવને કારણે કયારે તે બાળકોથી ધીરેધીરે દૂર થતો જાય છે તેનો અહેસાસ તેને પોતાને જ નથી રહેતો. ગમે તેટલું મોટું બાળક માના ખોળામાં માથું રાખીને લાડ કરી શકે કે માને ભેટીને પોતાનું મન હળવું કરી શકે છે. અને પુરુષ દૂર ઊભો રહીને મનમાં વિચારે છે કે પોતે કયારે આ પ્રકારનું તાદાત્મય કેળવી શકશે? બાળકોની અને પરિવારની નાની-મોટી તમામ જવાબદારીઓના વહન માટે પુરુષ મૂંગે મોઢે રાત-દિવસ સતત મહેનત કર્યા કરે છે. પોતાના પરિવારને દુનિયાની તમામ ખુશીઓ આપવી એ જ એનું અંતિમ લક્ષ્ય હોય છે પણ આ બધું કરવામાં એ પરિવારજનોની દૂર થતો જાય છે. ઘરમાં તેની સતત ગેરહાજરી હોવાને કારણે પરિવારના સભ્યોને પણ તેના વગર ઘર ચલાવવાની ટેવ પડતી જાય છે. પરિણામે નિવૃત્તિ બાદ જયારે તે પોતે ઘરે હોય ત્યારે સાવ એકલોઅટૂલો થઈ ગયો હોય તે પ્રકારનો અહેસાસ તેને થાય છે અને તેના કારણે તે ઊંડો વિષાદ અનુભવવા લાગે છે.

આજના મોર્ડન યુગમાં જો સૌથી વધુ કોઈને perfomance pressure હોય તો તે છે આજના યુવાનોને તેમને smant દેખાવાનું હોય છે, multi-talanted છોકરીઓને Impress કરવા માટે career માં પણ top પર રહેવાનું હોય છે. મોંઘીદાટ રેસ્ટોરન્ટમાં જમવા જવું, દર અઠવાડિયે release થતી ફિલ્મો જોવી તેમજ વારે-તહેવારે gifts આપવી. મા-બાપ, girlfriend કે પત્નીની high expectations નો એટલો મોટો બોજ તેમના પર આવતો જાય છે કે કયારેક તે depression નો ભોગ બની જાય છે. સ્ત્રીઓ શિક્ષિત, પગભર અને સ્વતંત્ર બની એ બાબત પ્રશંસનીય ચોક્કસ ગણાય પણ પુરુષો માટે compitition વધુ tough થઈ ગઈ છે. સ્ત્રીઓ કમાય તે ગૌરવની બાબત ચોક્કસ ગણાય પણ જો તે ન કમાતી હોય તો પણ તેમનાં જીવનિર્વાહ માટે પતિ કે પિતા પર નિર્ભર રહી શકે છે. જયારે પુરુષ માટે career, status અને money આ તમામ બાબતો અત્યંત પાયાની બાબતો છે. પુરુષ ન કમાતો હોય તે બાબત સામાજિક રીતે પણ સ્વીકાર્ય નથી. તેમ જ પુરુષ માટે પણ આ બાબત કષ્ટદાયક હોય છે. તો આવો, આજે આપણી આસપાસ રહેતા સંવેદનશીલ પુરુષોની ભાવનાઓને સમજીએ અને તેમની મનોદશાને જાણવાનો પ્રયાસ કરીએ. તેમને મહેણા-ટોણા મારવાને બદલે કે નિરાશાની ઊંડી ખીણમાં ધકેલી દેવાને બદલે તેમની સાથે હાથ મિલાવીને તેમની કારકિર્દી તેમજ ભાવવિશ્વને વિકસાવા માટે તત્પર બનીએ.

Last Seen :

**પુરુષને પણ એક પિયર હોય છે.**
**જ્યાં ફૂટપાથ પરનો તડકો ઓળખે છે.**
**ગલી હસે છે, દરવાજો ખબર લે છે,**
**દીવાલો તબિયત પૂછે છે.**

**- ચંદ્રકાંત બક્ષી**

- nehalgadhavi101@gmail.com

# તમારું ધ્યાન પડ્યું ? લગ્ન પ્રસંગનું સૂરીલાપણું લગ્ન ગીતો છે, જે હવે ભૂલાઈ રહ્યાં છે




લગ્નગાળો ચાલી રહ્યો છે. હિન્દુ સંસ્કૃતિમાં લગ્ન એક મહત્ત્વના સંસ્કાર છે. પૌરાણિક માન્યતા મુજબ હિન્દુ લગ્નનું બંધારણ શૌનક ઋષિના શિષ્ય ઋષિ આશ્વલાયનજીએ કર્યું છે. એવું માનવામાં આવે છે કે, આશ્વલાયનજીએ જ્યારે બંધારણ ઘડ્યું ત્યારે મોટાભાગે વર્ણવ્યવસ્થા અમલમાં આવી નહોતી. લગ્ન સંસ્થાનું બંધારણ ઘડવાનું કારણ હતું. એ વખતે દક્ષ પ્રજાપતિએ પોતાની ૨૭ કન્યાઓ એક માત્ર ચંદ્રને પરણાવી દીધી. તેનો વિરોધ થયો. જો એક જ પુરુષને બધી સ્ત્રીઓ પરણાવી દેવાય તો બાકીના પુરૂષની જાતિયતા, વંશવેલા અને ઘર સંસારનું શું ? વિરોધ માત્ર કળિયુગમાં થાય છે એવું નથી એ વખતે પણ થતો હતો. આ વંટોળને સમાવવા માટે અને સામાજિક વ્યવસ્થાને સમતોલ કરવા માટે ઋષિ આશ્વલાયને એક પુરૂષ અને એક સ્ત્રી એવી સગવડ વિચારી.

જોકે, એનાય પ્રશ્નો તો ઊભા થયેલા જ. એ વખતે વર્ણવ્યવસ્થા હતી. ક્ષત્રિયોની જવાબદારી સુરક્ષાની હતી. એ લોકોને વારંવાર યુધ્ધમાં જવું પડતું. જાનનું જોખમ. એમના વંશવેલાનું શું ? એવું લાગ્યું હશે કે, આ કામ, અથવા આ ગૂંચવણ કોઈ વધુ લાયક વ્યક્તિ ઉકેલી શકશે એટલે તેની વ્યવસ્થા રચવાનું કામ ઋષિ પારસ્કરને સોંપવામાં આવ્યું. ઋષિ પારસ્કરે ક્ષત્રિયોને એકથી વધારે પત્ની કરવાની છૂટ આપી. એવું માનવામાં આવે છે કે, આ વ્યવસ્થા, એટલે કે લગ્નસંસ્થાનો પ્રારંભ ઈ.સ. પૂર્વે ૫૦૦નો છે એટલે લગભગ ૨૫૦૦ વર્ષથી લગ્નપ્રથા અમલમાં છે.

લગ્નની જુદી જુદી વિધિ હોય છે. ક્યાંક અગ્નિની સાક્ષીએ ચાર ફેરા ફરવામાં આવે છે તો વળી, ક્યાંક સાત ફેરા પણ છે. મહાકવિ કાલિદાસે રઘુવંશમાં અજ અને ઈન્દુમતિનાં લગ્નનું જે વર્ણન કર્યુ છે તેમાં માત્ર અગ્નિ પ્રદક્ષિણા છે. એમાં ફેરાની સંખ્યા જ નથી. આચાર્ય હેમચંદ્રાચાર્યએ ઋષભદેવનાં લગ્નનું વર્ણન કર્યું છે. અહીં રવાઈ વગેરે દ્વારા વરરાજાનું પોંખણું, લગ્નમંડપ, લગ્ન ગીતો, ફટાણાં, છેડાછેડી અને અગ્નિની સાક્ષીએ કન્યા બે છે એટલે કે કુલ આઠ ફેરાનું વર્ણન કરે છે. આપણે એવું માની લઈએ કે ઋષભદેવ ક્ષત્રિય છે એટલે તેમણે એક જ માંડવે એક જ સાથે બે કન્યા જોડે લગ્ન કર્યા હશે.

બારમી સદીથી ગુજરાતમાં લગ્ન વિધિમાં ચાર ફેરાનો રિવાજ હોવાનું જાણવા મળે છે. લગ્ન વિધિની તો ઘણી લાંબી વાત કરી શકાય. જોકે, થોડી વાત લગ્ન ગીતોની કરીએ. લગ્ન ગીતો એ લગ્ન પ્રસંગનું મહત્ત્વનું ઘરેણું છે. ગુજરાતના લગ્ન ગીતોમાં વ્યાપકતા છે અને વિવિધતા પણ છે. લગ્ન ગીતો લગ્ન પ્રસંગે ઉલ્લાસસભર વાતાવરણમાં ઉત્સાહ ભરી દે છે. લગ્નના ઉમંગ સાગરમાં લગ્ન ગીતો સાગર જળનાં મોજાંની જેમ કૂદકા મારીને ઉછાળા મારતા હોય છે.

લગ્ન પ્રસંગે ગણેશ સ્થાપનાથી શરૂ કરીને કન્યા વિદાય સુધી યોજાતી વિવિધ વિધિઓના સંદર્ભમાં લગ્ન ગીતો ગવાતાં હોય છે. આ લગ્ન ગીતોમાં મનુષ્ય જીવનના અનેકવિધ સંદર્ભો પણ પ્રગટ થતા હોય છે.

ગણેશ પાટ બેસાડ્યા, ભલાં નીપજે પકવાન,
સગાં સંબંધી તેડીએ, જો પૂજા હોય મોરાર,
ગરવા ગણપતને પાયે નમીએ,
ગણપત બેઠા રે ઘીને ગોળ... આમ ગણેશ સ્થાપન થાય.

ગણેશ સ્થાપન પછી બધા ભેગા મળીને કંકોતરી લખે. એ વખતે પણ લગ્ન ગીતો ગવાય. સહુ પ્રથમ કંકોતરી કંકુના છાંટા છાંટી, સાથિયા કરીને કુટુંબના ઈસ્ટદેવને લખાય. એ પછી દીકરીના મામાને અને બીજાં સંબંધીઓને લખાય. એકબાજુ વડી-પાપડ બનતા જાય, તો બીજી બાજુ સ્ત્રીઓના મુખેથી લગ્ન ગીતોનો પ્રવાહ અસ્ખલિત વહેતો હોય:

કંકુ છાંટી કંકોતરી મોકલો,
મોકલો મોકલો બેનના મામાને દરબાર,
મામા ક્યારે આવશે રે ?

આ ઉપરાંત એમ પણ ગવાય કે:

સોના ખડિયા મંગાવો, રૂપા લેખન મંગાવો,
મારા માંડવડા હેઠ બેનની કંકોતરી લખાવો.

આ ઉપરાંત સાંજીના પણ લગ્ન ગીતો હોય.

લગ્નનો દિવસ આવે એ પહેલાં રોજ સાંજે લગ્ન ગીતોથી ઘર ગૂંજી ઊઠે. સાંજીના ગીતોમાં જમાઈ અને કુટુંબની વહુઓની મશ્કરી પણ કરવામાં આવે. આ ઉપરાંત મંડપરોપણ, માણેકસ્થંભ (થાંભલી) રોપતી વેળાના પણ રસપ્રદ ગીતો હોય. ગુજરડા-ગોરમટી એટલે કે માટલી જવેરાના પણ લગ્ન ગીતો હોય, પીઠીના લગ્ન ગીતો ના હોય એવું તો બને જ નહીં. પ્રભાતિયાં કે પરભાતીનાં પણ લગ્ન ગીતો હોય અને ઉકરડીનાં પણ લગ્ન ગીતો હોય. મહોલ્લાની બહાર ઉકરડી સ્થાપવાની અને ઉઠાડવાની એક વિધિ લગ્નમાં હોય. આ વિધિનું વર્ણન કરતાં ગીતો ગવાય. તેમાં મોટાભાગે હસી મજાકનાં ફટાણાં હોય છે.

મામેરું અને મોસાળાના પણ લગ્ન ગીતો હોય. ગ્રહશાંતિનાં પણ લગ્ન ગીતો હોય. વધાવાના લગ્ન ગીતો હોય અને વરઘોડા (ફુલેકા) વખતનાં પણ લગ્ન ગીતો હોય. સાસુ વરને પોંખવા આવે ત્યારે વરપોંખણનાં ગીતો ગવાતાં હોય. કન્યાના લગ્ન માટે બાંધવામાં આવેલી ચાર ઉતરડવાળી સમચોરસ જગ્યાને મોંયરું કહે છે. આ મોંયરાની વચ્ચે ચોરી અને તેની સામે વરકન્યાનાં આસન ગોઠવાયેલા હોય છે. એ વખતે મોંયરાના ગીતો ગવાય.

જ્યારે હસ્તમેળાપ, મંગળફેરા અને સપ્તપદી થતાં હોય ત્યારે ખૂબ સુંદર ગીતો ગવાય. વર કન્યા પરણી રહે પછી પરસ્પરને કંસાર જમાડે. એ વખતે પાછાં કંસારના ગીતો ગવાય.

લગ્ન વિધિ પૂરી થઈ ગયા પછી કન્યાને દામ્પત્ય જીવનમાં મદદ થાય તેવાં વાસણો આપવામાં આવે. એ વાસણનો પુરત કહેવાય. એ વખતે પાછાં ગીતો ગવાય. છેલ્લે કન્યા વિદાય થાય અને કન્યા વિદાયમાં પણ લગ્ન ગીતો હોય જ અને કન્યાને લઈને વરરાજા ઘરે આવે એ વખતે વરઘોડિયાને પોંખવામાં આવે એ વેળા પણ ખૂબ સુંદર ગીતો ગવાય.

લગ્ન ગીતોને આપણે ભૂલી ગયાં છીએ. લગ્ન ગીતોનું સ્વરૂપ સાદુ અને સરળ છે. એમાં લય છે, એમાં સંગીત પણ છે, એમાં લોકસમાજનો મિજાજ પણ છે, એમાં લોકસમાજનાં પ્રેમ અને લાગણી ધબકે છે. એમાં કલ્પનાઓ પણ છે અને વાસ્તવિકતાઓ પણ છે. એમાં બોલીઓનો રણકો સ્પષ્ટ સંભળાય છે. એમાં ક્યાંક સંસ્કૃતના શબ્દો પણ છે તો ક્યાંક લોકજીવનના તળપદા શબ્દો પણ છે.

આપણે સુધરી ગયા અને જુદી રીતે લગ્ન કરતાં થઈ ગયાં. આપણા સુધારાએ આપણી પાસેથી આપણાં સૂરીલાં, વારંવાર સાંભળવાં ગમે તેવાં, અર્થસભર લગ્ન ગીતો પણ છીનવી લીધાં.

**ગોધૂલિઃ**

લગ્ન અને વેવિશાળ પ્રસંગે ગવાતાં ગીતોની યાદો કરીએ તો લગભગ ૫૦ની થાય છે. વેવાઈ પસંદગીનું ગીત, ગોળ ખાવાનાં ગીતો, ચૂંદડી ઓઢાડવાના ગીતોથી શરૂ કરીને વર કન્યા કે કન્યાની મનોસ્થિતિ દર્શાવતાં ગીત સુધી આ છેડો પહોંચે છે.